ગાંધીનગર સમાચાર

# કોંગ્રેસ અને ભાજપ ૭મી કે ૮મી ઉમેદવારો જાહેર કરશે

## ભાજપમાં ૧૮ થી ૨૦ નવા ચહેરા પસંદ કરાશે, જ્યારે કોંગ્રેસમાં પણ ૨૩ થી ૨૪ નવા ચહેરાઓની શક્યતાઓ વર્તાય છે

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

ગાંધીનગર મહાનગરનો મહાસંગ્રામ આજથી આરંભાશે. વિધિવત્ જાહેરનામાની પ્રસિદ્ધિ બાદ ઉમેદવારી પત્રો ભરવાનો આરંભ થશે. પરંતુ રાજકીય પક્ષોના સત્તાવાર ઉમેદવારો આઠમી અને નવમીએ જ ઉમેદવારી પત્રો ભરશે. અત્યારે બંને પક્ષે પસંદગીની પ્રક્રિયા જોરશોરથી ચાલી રહી છે. ઉમેદવારોની રજુઆતો સાંભળવાનો બંને પક્ષોમાં દોર ચાલી રહ્યો છે.

ભાજપમાં રવિવારે વોર્ડ નં. ૪ અને વોર્ડ નં. ૬ના દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. વોર્ડ નં. ૪માં ભાજપના વરિષ્ઠ અગ્રણી શબ્દશરણ બ્રહ્મભટ્ટ અને કૌશલ્યાકુંવરબાએ દાવેદારોને સાંભળ્યા હતા. સેક્ટર-૨૩, ૨૪ અને ૨૫ના બનેલા વોર્ડમાં લગભગ ૨૮ દાવેદારોએ રજુઆતો કરી હતી. સીટીંગ કોર્પોરેટર ઉપરાંત નવા ચહેરાઓ પણ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. વોર્ડ નં. ૬ના ૩૩થી વધુ દાવેદારોએ પ્રદેશ નિરિક્ષકો સમક્ષ રજુઆતો કરી હતી. ભાજપના વરિષ્ઠ અગ્રણીશ્રી હર્ષદગિરિ ગોસ્વામી અને મહિલા મોરચાના અગ્રણી ચંદ્રિકાબેન પટેલે કપરી કામગીરી બજાવી હતી. સેક્ટર-૭, ૮, ૯, ૧૦, ૧૨ અને ધોળાકુવાના બનેલા વોર્ડમાં એક ઓબીસી પુરૂષ અનામત સાથે ચાર બેઠકો માટે રજુઆતો કરાઈ હતી. ગઈકાલે મોડી સાંજે ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષો આઈ.કે.જાડેજા અને રમીલાબેન બારાએ વોર્ડ નં. ૭ના દાવેદારોની રજુઆતો સાંભળી હતી. સેક્ટર-૩, ૫ અને ૬ના બનેલા વોર્ડ નં. ૭ની ચાર બેઠકો માટે ૨૭ દાવેદારોએ રજુઆતો કરી હતી. નોંધપાત્ર બાબત એ છે કે વોર્ડ નં. ૬ અને વોર્ડ નં. ૭માં મહિલા બેઠકો માટે ભારે ઉત્સાહ વર્તાતો હતો. સોમવારે પ્રદેશ કારોબારી બેઠક હોવાથી પસંદગી પ્રક્રિયામાં બ્રેક રહેશે. જ્યારે મંગળવારે આખો દિવસ બાકીના પાંચે પાંચ વોર્ડના દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા પૂર્ણ કરાશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષમાં ૩૨ બેઠકો માટે ૨૦૪ દાવેદારોની રજુઆતો છેલ્લા બે દિવસમાં મળી હતી. રવિવારે સાંજે ચૂંટણી સંકલન સમિતિ અને નિરીક્ષકોની મહત્વની બેઠક બ્રહ્મભવન ખાતે યોજાઈ હતી. જેમાં એકે એક ઉમેદવાર અંગે ઝીણવટભરી છણાવટ કરાઈ હતી. બેઠકમાં પ્રદેશ નિરીક્ષકો ઉપરાંત પ્રદેશના ગાંધીનગર સ્થિત પદાધિકારીઓ અને શહેર કોંગ્રેસના હોદ્દેદારો ઉપસ્થિત હતા. મોડી સાંજે મળતી માહિતી મુજબ મોટાભાગની બેઠકો માટે બબ્બે દાવેદારોની અને કેટલીક બેઠકો માટે ત્રણ ત્રણ દાવેદારોની પેનલ બનાવાઈ છે. પસંદગી પ્રક્રિયાનો બીજો તબક્કો હેમખેમ સંપન્ન થયાનું મનાય છે. હવે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ સાતમી કે આઠમીએ પસંદગીની પ્રક્રિયાને આખરી ઓપ આપશે. એમ પણ કહેવાય છે કે બારથી પંદર ઉમેદવારો સાતમીએ અને બાકીના આઠમીએ જાહેર કરાશે. આગામી ત્રણ દિવસ કોંગ્રેસના દાવેદારો પ્રદેશ નેતાગીરી સાથેની વગ વાપરવાની દોડધામ કરશે.

આમ બંને પક્ષે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા વેગ પકડી રહી છે. ભાજપ અને કોંગ્રેસના પાર્લામેન્ટરી બોર્ડના બેઠકો સાતમીએ યોજાનાર છે. અને ત્યારે જ આખરી ચિત્ર સ્પષ્ટ બનશે. હજુ પણ બધા જ દાવેદારો બંને પક્ષોમાં એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપના સીટીંગ ૧૮ કોર્પોરેટરોમાંથી ૧૭ કોર્પોરેટરો દાવેદાર છે. અને કોંગ્રેસના સીટીંગ ૧૫ કોર્પોરેટરોમાંથી ૧૪ કોર્પોરેટરો દાવેદારી કરી રહ્યા છે. બંને પક્ષમાં ચાલતી ચર્ચાઓનું તારણ એમ નીકળે છે કે ભાજપમાં ૧૮ થી ૨૦ નવા ચહેરા અને કોંગ્રેસમાં પણ ૨૩ થી ૨૪ નવા ચહેરા પસંદ થાય એવી સંભાવના છે. જેમ જેમ દિવસ જશે તેમ તેમ આંકડાઓ સ્પષ્ટ અને સ્થિર થશે.

## કોંગ્રેસમાં પસંદગીની પ્રક્રિયાનો બીજો તબક્કો સંપન્ન : જ્યારે ભાજપમાં પ્રથમ તબક્કાનો પ્રારંભ

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડાન્સ બાર પર બેન લગાવી ત્યારે મારી પત્નિએ તેની ફ્રેન્ડને પાર્ટી આપી હતી... આજે હું તમને પાર્ટી આપું છું... જ્યારે જ્વેલરો હડતાલ પર છે...!!

## આદરજ ગામમાં ઈંટોની ભઠ્ઠી પર વિજ કરંટથી મજુરનું મોત

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા આદરજ ગામમાં સ્થિત ઈંટના ભઠ્ઠા પર આજે સવારના સુમારે પાણીની મોટર ચાલુ કરવા જતા એક મજુરને કરંટ લાગ્યો હતો અને તેનું મૃત્યુ થયું હતું. મુળ ઉત્તર પ્રદેશનો રહેવાસી અને હાલ ઈંટોના ભઠ્ઠા પર આદરજ ખાતે રહેતા ૨૦ વર્ષીય મજુર હરીશચંદ્ર જગન્નાથ વર્માનું વિજ કરંટથી મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ પોલીસને થતા પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી ઉંડી તપાસ શરુ કરી છે.

# સેક્ટર-૩૦ના ચીપ ટાઈપના મકાનમાં ધોળે દિવસે ઘરફોડ

### ઈન્ટરલોક તોડીને ઘુસેલા તસ્કરો દાગીના તથા રોકડ મળી ૭૦ હજારનો મુદ્દામાલ ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૩૦ ખાતે સ્થિત ચીપ ટાઈપના સરકારી મકાનમાં ગઈકાલે ધોળે દિવસે તસ્કરો ત્રાટક્યા હતા. બપોરના સમયગાળામાં મકાનના દરવાજાનું ઈન્ટરલોક તોડીને અંદર ઘુસેલા તસ્કરો સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને કુલ રૂ. ૭૧,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ ઉઠાવી ગયા હતા. મકાન માલીકની ફરીયાદને આધારે આજે સેક્ટર-૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત બોલાવી વૈજ્ઞાનીક ઢબે તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૩૦ ચીપટાઈપ સરકારી આવાસમાં રહેતા કૃણાલભાઈ પ્રકાશભાઈ ભાવસાર અદાણી કોલેજમાં નોકરી કરે છે. તેમની માતા જૈન દેરાસરમાં રસોઈ બનાવવાની સેવા કરે છે. બંને ગઈ કાલે શનિવારે સવારે ૧૧ વાગ્યાના અરસામાં ઘરને તાળુ મારીને કામે ગયા હતા. ત્યાર બાદ સાંજે પાંચ વાગ્યે કૃણાલભાઈ ઘરે આવ્યા ત્યા સુધીમાં તસ્કરો તેમના ઘરમાં હાથફેરો કરી ગયા હતા. ઘરે આવીને કૃણાલભાઈએ જોયુ તો મકાનના દરવાજાનો ધક્કો મારીને તસ્કરોએ ઈન્ટરલોક તોડી નાંખેલુ હતુ અને અંદર પ્રવેશીને રોકડ રૂ. ૧૦ હજાર અને સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૭૧,૫૦૦નો મુદ્દામાલ ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ધોળે દિવસે થયેલી આ ઘરફોડ અંગે કૃણાલભાઈએ આજે સે. ૨૧ પોલીસ મથકમાં ફરીયાદ આપતા પીઆઈ મીની જોસેફે વધુ તપાસ હાથ ધરી છે.

### ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે ૫૦૦ જેટલા ટિકિટ વાંચ્છુઓ અને તેમના સમર્થકો કોર્પો.માંથી "નો ડ્યુ"ના પ્રમાણપત્ર લઈ ગયા છે.

● મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરોની એડવાન્સમાં ચુકવણી કરનાર કરદાતાને ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપવાની યોજનાનો પ્રથમ બે દિવસમાં જ સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

● ગાંધીનગર શહેર આજથી ૨૦ દિવસ રાજકીય રંગે રંગાશે.

● ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાતા જ ટેટીના બજારમાં પણ તેજી આવી છે. જો કે ફ્રુટ જ્યુસ અને શેરડીના કોલાઓ ઠેર ઠેર શહેર અને જિલ્લામાં જોવા મળી રહ્યા છે.

● મહાનગરપાલિકાના નાયબ મ્યુનિ. કમિશ્નરશ્રી બારૈયા આજે કાયનેટીક લઈ શહેરમાં ફરતા દેખાયા હતા તો આરોગ્ય અધિકારી ડૉ. બારોટ સ્વર્ણીમ પાર્કમાં બેડ મિંગ્ટન રમતા જણાયા હતા.

## ચાલુ સ્કુટરે અચાનક ચક્કર આવતા પડી ગયેલા વૃદ્ધનું મોત

અડાલજ સ્થિત ત્રિમંદિર ખાતે ટાઉનશીપમાં રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ ગઈ કાલે બપોરે પોતાનું સ્કુટર લઈને જતા હતા ત્યારે અચાનક ચાલુ સ્કૂટરે ચક્કર આવતા પડી ગયા હતા અને માથે ઈજાઓ થવા પામી હતી. તેમને તાત્કાલીક ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમિયાન તેમનું કરૂણ મૃત્યુ નિપજયું હતું.

અડાલજ ત્રિમંદિર ખાતે સ્થિત સાનિધ્ય ટાઉનશીપમાં રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ રાજેશભાઈ અમૃતલાલ વ્યાસ ગઈ કાલે બપોરના સુમારે પોતાનું સ્કૂટર લઈને ટાઉનશીપમાંથી બહાર જવા નીકળ્યા હતા તે દરમિયાન ટાઉનશીપમાં જ તેમને અચાનક ચક્કર આવી જતા ચાલુ સ્કુટરે નીચે પટકાયા હતા. સ્કુટર સાથે નીચે રોડ પર પછડાતા રાજેશભાઈને માથે ઈજાઓ થઈ હતી. તાત્કાલીક તેમને એપોલો હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા અને ત્યાર બાદ ત્રિમંદિર સ્થિત અંબા હેલ્થ સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમિયાન રાજેશભાઈનું પ્રાણપંખેરૂ ઉડી જવા પામ્યું હતું. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. માટે મોકલીને ઘટનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે.





### સે-૮ ચર્ચમાં રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર કેથોલીક યુથ એન્ડ વિન્સેન્ટ દે પૉલ દ્વારા સેકટર-૮, કેથોલીક ચર્ચ ખાતે રતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૬૮ થી વધુ વ્યકિતઓએ રકતદાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ફા. વેલેરીયન પરેરા, સિ. જોસફીન, ફા. શઈજી હાજર રહ્યા હતા. આ કેમ્પમાં મહિલાઓએ પણ રકતદાન કર્યું હતું.

## ગાંધીનગર અને દહેગામ તાલુકાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર અને દહેગામ ખાતે તાલુકાના લોકસંવાદ સેતુ કાર્યક્રમો રમત-ગમત, યુવક સેવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર, જિલ્લા કલેકટરશ્રી રવિશંકરની ઉપસ્થિતિમાં યોજાયેલ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં દહેગામ ખાતે ૧૦૧ અને ગાંધીનગર તાલુકાના લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ૬૦ જેટલા પ્રશ્નો અરજદારો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. અરજદારોને વ્યક્તિગત સંભાળીને મોટાભાગના પ્રશ્નનો સ્થળ ઉપર ઉકેલ લાવવામાં આવ્યા હતો. વહીવટી અને પોલીસી મેટરના અગત્યતા ધરાવતા વિકાસકામોના પ્રશ્ન અંગે મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ સંબંધિત અધિકારીઓને વહીવટી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી વિકાસ કામો સત્વરે હાથ ધરવા જણાવ્યું હતુ.

# 'બેન' ની કેબિનેટમાંથી વિજય રૂપાણી વિદાય લેશે, ચાર ચહેરા સાથે મોટો બદલાવ આવશે

ગુજરાતના વહીવટી તંત્રમાં ટોપ ટુ બોટમ ફેરફારો થઈ રહ્યાં છે પરંતુ આનંદીબહેનની કેબિનેટમાં પણ મોટો બદલાવ આવી રહ્યો છે. પ્રદેશ પ્રમુખ બન્યા પછી વિજય રૂપાણી ગુજરાત સરકારના કેબિનેટ પ્રધાનનો હોદ્દો આ સપ્તાહમાં ગમે ત્યારે છોડી શકે છે, તેઓ સરકારમાંથી રાજીનામું આપશે, તે જ સમયે કેબિનેટના વિસ્તરણની જાહેરાત થવાની સંભાવના દેખાઈ રહી છે. ચાર નવા ચહેરા કેબિનેટમાં આવી શકે છે. હાઈકમાન્ડના દબાણને વશ થઈને પ્રધાનોના વિભાગોમાં પણ મોટાપાયે ફેરફારો તોળાઈ રહ્યાં છે. ગુજરાત કેડરના ૨૩ ઓફિસરોનું આઈએએસ કેડરમાં નોમિનેશન થયું છે તેમને પોસ્ટીંગ આપવાની ફાઈલ તૈયાર કરી દેવામાં આવી છે, તેની સાથે જિલ્લાઓ તેમજ સચિવાલયમાં કરવાની થતી બદલીઓની ફાઈલ તૈયાર થઈ રહી છે. આ ફાઈલો તૈયાર કરવામાં આનંદીબહેન પટેલ, કે. કૈલાસનાથન, ગંગારામ અલોરિયા સહિત જીએડીના અધિકારીઓની હાજરી નોંધપાત્રરીતે જોવા મળે છે...

**એચ. કે. એલ. કપૂરનો સાત વર્ષ સુધી ચીફ સેક્રેટરી રહેવાનો રેકોર્ડ છે**

**● મહિલા અને યુવાનો માટે ઓફલાઇન ન રહો...**

ગુજરાત સરકારને કેગ- તરફથી કહેવામાં આવ્યું છે કે યુવાનોની રોજગારલક્ષી માહિતી અને તાલીમબદ્ધ કાર્યક્રમ માટે સરકારે સતત ઓનલાઈન રહેવું જોઈએ, કારણ કે માહિતીના અભાવે સંખ્યાબંધ યુવાનો જોબલેસ બનીને રહી જાય છે, ગુજરાતના સ્કીલ ડેવલપમેન્ટ મિશનમાં પણ કેટલીક ક્ષતિઓ બહાર આવી છે જેને રાજ્ય સરકારે નજર અંદાજ કરી છે પરિણામે હાલની સરકારમાં યુવાનો- નવી પેઢી સરકારથી દૂર થતી જતી જોવા મળે છે. પાટીદાર આંદોલન એ તેનો સૌથી મોટો પડઘો છે. ડિજીટલ ઈન્ડિયાની વાતો આપણે કરીએ છીએ પરંતુ જ્યાં ઓનલાઈન રહેવાનું હોય છે ત્યાં સરકારના વિભાગો ઓફલાઈન રહે છે. યુવાનો અને મહિલાઓના લાભ માટેની જે કોઈ સરકારી સ્કીમ હોય તેમાં સરકારે સતત નિરગાની રાખવી જોઈએ...

**● મહારાષ્ટ્ર રાજ્ય કેમ ગુજરાત કરતાં અલગ છે..?!!**

ઔદ્યોગિક મૂડીરોકાણમાં મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત કરતાં આગળ કેમ છે..?!! તેવા પ્રશ્નનો જવાબ જો ગુજરાતના શાસકો અને ઓફિસરો શોધી કાઢે તો ગુજરાત દેશમાં નંબરવન રહે...ગુજરાતના ઉદ્યોગ વિભાગમાં ચક્કર લગાવતા એક બિઝનેસ પ્રતિનિધિ કહે છે કે મહારાષ્ટ્રમાં તમે કોઈપણ પ્રોજેક્ટ માટે પ્રપોઝલ રજૂ કરો ત્યાર થી જ્યાં સુધી તમારી પ્રપોઝલનો નિકાલ ન થાય ત્યાં સુધી એક નહીં અનેક વિભાગોના ઓફિસરો તમારી પાછળ પડી જાય છે. પ્રોજેક્ટનું અમલીકરણ જ્યારે ફાઈલન સ્ટેજમાં આવે છે ત્યારે સંલગ્ન વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉદ્યોગજૂથને એક પછી એક મંજૂરીઓના કાગળ આપતા જાય છે, બીજી તરફ ઉદ્યોગજૂથ તરફથી નિયત સમયમાં પ્રોજેક્ટ શરૂ કરવાનું લેખિતમાં કમિટમેન્ટ મળે છે... કોર્પોરેટ હાઉસને શરમાવે તેવું કામ મહારાષ્ટ્રની સરકાર કરે છે, ગતિશીલતાની વાતો કરતા ગુજરાતે આ શિખવા જેવું છે...

**● સચિવાલયને એચ.કે.ખાન કેમ યાદ આવે છે...**

ગુજરાત સરકારના વહીવટમાં ઉદ્યોગકારો તેમજ મુલાકાતીઓને તત્કાલિન ચીફ સેક્રેટરી એચ.કે. ખાન કેમ યાદ આવે છે. આ અધિકારી પાસે કુનેહ હતી. સરકારના વહીવટી તંત્રને લાઈમલાઈટમાં લાવવાની તાકાત જોવા મળતી હતી. આ એક એવા વહીવટી વડા હતા જેમના શાસનમાં આધુનિકતા અને ટેકનોલોજીનો અભાવ હોવા છતાં વિભાગો ધમધમતા હતા. ૧૯૯૦ થઈ ૧૯૯૨ દરમ્યાન એચ.કે.ખાન ગુજરાતના ચીફ સેક્રેટરી હતી અને ચીફ મિનિસ્ટર તરીકે સ્વ.ચીમનભાઈ પટેલ હતા. ઉદ્યોગોના વિકાસ માટે ચીમનભાઈએ ગુજરાતને ઈકોનોમિક ટાઈગરનું બિરૂદ આપ્યું હતું. તેમના શાસનમાં ચીફ સેક્રેટરીનો રોલ અતિ મહત્વનો હતો. કોંગ્રેસના શાસનમાં એચ.કે.એલ.કપૂર એવા ઓફિસર હતા કે જેઓ ચીફ સેક્રેટરીના પદ પર સળંગ સાત વર્ષ સુધી રહ્યાં હતા. આ તેમનો રેકોર્ડ છે, તેમના જેટલું લાંબુ પદ (૧૯૭૬ થી ૧૯૮૩) કોઈએ ભોગવ્યું નથી...

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**● હા કે ના કહો, ફાઇલ હરગીજ મૂકી રાખો નહીં...**

ગુજરાત માટે નરેન્દ્ર મોદીએ જોયેલા સપનાં હવે તૂટી રહેલા નજરે આવે છે, કારણ કે મોદીએ ગુજરાતને દિવ્ય અને ભવ્ય બનાવવાની ટેક લીધી હતી તેવી કોઈ પ્રગતિ હાલ દેખાતી નથી. સચિવાલય પોલિસી બજાર બનીને રહી ગયું છે. પોલિસી બનાવવાથી વહીવટમાં પારદર્શિતા આવતી નથી, પરંતુ યોજનાનો ઝડપી અમલ જરૂરી હોય છે. સરકારમાં સ્પષ્ટ રીતે હા કે ના કહેવાની આદત કેળવાય તો પ્રગતિ થશે, બાકી મૂકી રાખો...ની ભાવના હશે તો ડેવલપમેન્ટ પર ધૂળ ચઢી જતાં વાર નહીં લાગે... ઉદ્યોગ વિભાગમાં આવું જ થઈ રહ્યું છે. ખુદ ઉદ્યોગ સાહસિકો જ કહે છે કે સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ ગુજરાતમાં કામ કરતી જ નથી. વાયબ્રન્ટ સમિટમાં જેમની સાથે એમઓયુ સાઈન કર્યા છે તેમાં એક એક ઉદ્યોગને પૂછીને સ્થિતિ ક્લિયર કરવી જોઈએ, કે જેથી ઉદ્યોગકારો તેમના પ્રોજેક્ટ બીજા રાજ્ય તરફ વાળી ન શકે. રાજસ્થાન અને મહારાષ્ટ્રની સરકાર બરાબર સમજી છે તેથી તે રાજ્યમાં પ્રોજેક્ટનું બાળમરણ ઓછું થાય છે...

**ડેપ્યુટી CM અને PM હોય તો એક્ટિંગ પ્રેસિડેન્ટ પણ હોવા જ જોઈએ**

**● GSPC માટે ONGC ને રસ નથી છતાં દબાણ ચાલુ છે...**

ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન કે જેણે સરકારના ૨૨ હજાર કરોડનું આંધણ કર્યું છે તેને ટેઈકઓવર કરવા માટે ભારત સરકારે ઓઈલ એન્ડ નેચરલ ગેસ- ઓએનજીસી સાથે વાટાઘાટો શરૂ કરી છે પરંતુ તેનું પરિણામ આવ્યું નથી તેથી હવે ક્રિશ્ના ગોદાવરી બેસિનનો દિનદયાલ બ્લોક આપવાની ચર્ચા ચાલે છે. ઓએનજીસી પણ કે.જી.બેસિનમાં ગેસનું સંશોધનકાર્ય કરી રહ્યું છે અને જીએસપીસી પણ કરે છે. આ બન્નેની કામગીરી સરખી હોવાથી ગુજરાત સરકારનું આ જાહેર સાહસ કેન્દ્રના સાહસમાં ભેળવી દેવાનો અખતરો કરવામાં આવી રહ્યો છે. આમ પણ નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં જાહેર સાહસો માટે કરેલા અખતરાને કારણે ગુજરાતના કેટલાક જાહેર સાહસો નફો કરતા થયા છે...

**સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિવાય ઉદ્યોગોની પ્રગતિ શક્ય નહીં બને**

**● કોંગ્રેસની ફોર્મ્યુલામાં ખોટું કંઇ નથી ...**

કોંગ્રેસમાં એક્ટિંગ પ્રેસિડેન્ટની ફોર્મ્યુલામાં કંઈ ખોટું પણ નથી, કારણ કે એક પ્રદેશ પ્રમુખ આખા રાજ્યના ૩૩ જિલ્લા સંભાળી શકે નહીં, સરકારમાં જો નાયબ મુખ્યમંત્રી કે નાયબ વડાપ્રધાનની પોસ્ટ હોય તો પાટી પ્રેસિડેન્ટમાં આવી પોસ્ટ હોવી જરૂરી છે. ૨૦૦૯ થી ૨૦૧૧ સુધી ગુજરાતમાં સિદ્ધાર્થ પટેલ પ્રેસિડેન્ટ હતા ત્યારે હાઈકમાન્ડે તેમની સાથે તુષાર ચૌધરીને એક્ટિંગ પ્રેસિડેન્ટ બનાવ્યા હતા. કોંગ્રેસમાં ટીકીટ વિતરણના ડખા અને મળેલી સત્તામાં યાદવાસ્થળી બંધ થાય તો ગુજરાતમાં તેના માટે અચ્છે દિન આવી શકે છે. બે પ્રમુખ પૈકી એક ને શહેરી વિસ્તાર અને બીજાને ગ્રામીણ વિસ્તારની જવાબદારી સોંપી દેવી જોઈએ તેવું કોંગ્રેસના એક સિનિયર નેતાએ કહ્યું છે...

**● ભાજપના માળખામાં કોઇના હાથ ઉપર નથી ...**

ભાજપના પ્રદેશ માળખામાં આનંદીબહેન પટેલના હાથ ઉપર રહ્યાં છે... અમિત શાહનું ધાર્યું થયું છે... બેન- ના માણસો કપાયા છે, ભાઈ- નું રાજકારણ પૂર્ણ કરવાના ઈરાદા છે... પ્રદેશ પ્રમુખ તેમના સાથીઓને સેટ કરી રહ્યાં છે... આવી વાતો પાટીના કાર્યાલયની બહાર અને સચિવાલયમાં ચર્ચાઈ રહી છે, પરંતુ ભાજપમાં બધાંના હાથ ત્યારે જ ઉપર રહેશે જ્યારે લોકો ૨૦૧૭માં ભાજપને અગાઉની જેમ મત આપશે. હવે એ દિવસો પૂરા થયા છે. મોદીની ગેરહાજરીમાં પહેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના પરિણામો ભાજપે જોયાં છે. તમાચો મારીને ગાલ લાલા રાખવાની નિતી-રિતીથી અલગ હાઈકમાન્ડે એક નહીં અનેક વખત ગુજરાત પ્રદેશને ઝાટક્યું છે. પાટીમાં ખેંચાખેંચ બંધ કરી ચૂંટણીની તૈયારીમાં લાગી જવા મોદી અને અમિત શાહે ચિમકી આપી દીધી છે...

**● વહીવટી તંત્ર ભીડ ભેગી કરી શકશે મતદારો નહીં ...**

ગુજરાત સરકારનું વહીવટી તંત્ર એક સમયે મતદારો ભેગા કરી આપતું હતું તેવા આક્ષેપો અગાઉ વારંવાર થયા છે પરંતુ હવે દિવસો બદલાયા છે. સરકારનું વહીવટી તંત્ર મોદી માટે જે કામ કરતું હતું તે આનંદીબહેન પટેલ માટે કરતું નથી. આ વહીવટી તંત્ર સરકારી કાર્યક્રમોમાં લાભાથીઓની ભીડ ચોક્કસ એકત્ર કરી શકે છે, મતદાન માટે મતદારો એકત્ર કરી શકશે નહીં. સચિવાલયમાં ચર્ચાતી વાતો પ્રમાણે હાલની સરકારમાં ભ્રષ્ટ્રાચાર આચરતા સત્તાના દલાલોનો વટ છે. સચિવાલય, સ્વર્ણિમ સંકુલ અને સરકારી કચેરીઓમાં તેમના અડ્ડા વધી ચૂક્યાં છે જેના કારણે વહીવટી તંત્રમાં કામ કરતા કાબેલ ઓફિસરોની ટીમ નારાજ છે...

**● પ્રાઇમ અને સાઇડ પોસ્ટીંગનો ખેલ શરૂ થશે ...**

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈને ઓફિસરોની બદલીઓમાં પ્રાઈમ પોસ્ટીંગ અને સાઈડ પોસ્ટીંગનો ખેલ હવે શરૂ થાય તેવું લાગી રહ્યું છે. જો કે સિનિયર ઓફિસરોની બદલી કરતાં પહેલાં હાઈકમાન્ડને પૂછવું પડે છે. રાજ્યના અને જિલ્લાઓના વહીવટી તંત્રમાં નવેસરથી બદલીઓ થવાની છે ત્યારે તેની યાદી દિલ્હી દરબાર રજૂ કરવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ સાથે આનંદીબહેન પટેલની સરકારના બીજા વિસ્તરણમાં કોને સમાવવા, કોને ક્યું ખાતું આપવું તેનો નિર્ણય પણ હાઈકમાન્ડને પૂછીને લેવાનો હોય છે. ભાજપના નેતાઓ કોંગ્રેસ માટે એમ કહેતા હતા કે ગુજરાતમાં કંઈ કરવું હોય તો હાઈકમાન્ડને પૂછવું પડે છે, તેમ હવે ભાજપ માટે પણ કહી શકાય તેમ છે, કારણ કે ગુજરાતના બે નેતાઓ નવી દિલ્હીમાં સુપ્રિમ પોસ્ટ ઉપર બિરાજમાન છે...